T-20 વર્લ્ડકપ : સુપર-8 | આજની મેચ | ઝિમ્બાબ્વે v/s દક્ષિણ આફ્રિકા ▶ સમયઃ બપોરે 03 વાગ્યે ▶ સ્થળઃ દિલ્હી | ભારત v/s વેસ્ટઇન્ડિઝ ▶ સમયઃ સાંજે 7.00 વાગ્યે ▶ સ્થળઃ કોલકાતા

ઈડન ગાર્ડન્સમાં આજે ભારત અને વેસ્ટઈન્ડિઝ વચ્ચે આરપારની જંગ

વિન્ડિઝના પાવર હિટર્સ વિરુદ્ધ બુમરાહ, અર્શદીપ અને ચક્રવર્તીનો પડકાર

બંને ટીમમાંથી જે પણ જીતશે તે ઇંગ્લેન્ડ સામે બીજી સેમિફાઈનલ રમશે

મેચ સાંજે 7.00 વાગ્યાથી

કોલકાતા, તા. 28 (પીટીઆઈ): ભારતીય બેટ્સમેનો હવે પોતાના અસલી ફોર્મમાં પરત ફર્યા છે, પરંતુ બોલરોનું નબળું પ્રદર્શન હજુ પણ ટીમ મેનેજમેન્ટ માટે માથાનો દુખાવો બનેલું છે. રવિવારે કોલકાતાના ઐતિહાસિક ઈડન ગાર્ડન્સ ખાતે વેસ્ટઈન્ડિઝ સામે રમાનારી સુપર-8ની આ મેચ વાસ્તવમાં 'ક્વાર્ટર ફાઈનલ' સમાન બની ગઈ છે. દક્ષિણ આફ્રિકા સામેની હાર અને ઝિમ્બાબ્વે પરની જીત બાદ હવે ભારત અને વેસ્ટઈન્ડિઝ બંને માટે આ 'કરો અથવા મરો' જેવી સ્થિતિ છે. આ હાઈ-વોલ્ટેજ મુકાબલામાં જે ટીમ વિજેતા બનશે તેને 5 માર્ચે ઈંગ્લેન્ડ સામે બીજી સેમીફાઈનલમાં ટકરાશે.

ઝિમ્બાબ્વે સામેની મેચમાં ભારતીય બેટિંગમાં જોવા મળેલો ઉછાળો અત્યંત સકારાત્મક સંકેત છે. સંજુ સેમસન અને અભિષેક શર્માની જોડીએ પાવરપ્લેમાં આક્રમક શરૂઆત કરીને રનરેટનો પાયો નાખ્યો હતો. અભિષેક શર્માએ ત્રણ શૂન્ય બાદ શાનદાર અર્ધસદી ફટકારીને ટીકાકારોને જવાબ આપ્યો છે, જ્યારે તિલક વર્માએ છઠ્ઠા ક્રમે નવી ભૂમિકામાં માત્ર 16 બોલમાં 44 રન ઝૂડી કાઢીને ભારતને 256 રનના વિશાળ સ્કોર સુધી પહોંચાડ્યું હતું, જે આ ટૂર્નામેન્ટનો અત્યાર સુધીનો સર્વોચ્ચ સ્કોર છે.

જોકે, બોલિંગ વિભાગમાં ચિંતાના વાદળો હજુ પણ ઘેરાયેલા છે. મિસ્ટ્રી સ્પિનર વરુણ ચક્રવર્તી પોતાની લેન્થ પર નિયંત્રણ રાખવામાં નિષ્ફળ રહ્યો છે અને દક્ષિણ આફ્રિકા સામે 47 રન આપ્યા બાદ ઝિમ્બાબ્વેના સિકંદર રઝાએ પણ તેને નિશાન બનાવ્યો હતો. હવે સવાલ એ છે કે ગૌતમ ગંભીર ઈડન ગાર્ડન્સ પર વરુણને જ તક આપે છે કે પછી કુલદીપ યાદવને પ્લેઈંગ-11માં સ્થાન આપે છે. આ ઉપરાંત, ઓલરાઉન્ડર શિવમ દુબેની બોલિંગ ભારત માટે જોખમી સાબિત થઈ શકે છે, જેણે છેલ્લી મેચમાં 2 ઓવરમાં 46 રન લુંટાવ્યા હતા. વેસ્ટઈન્ડિઝના બેટ્સમેનો જે રીતે લોંગ-ઓન અને લોંગ-ઓફ પર પ્રહારો કરે છે, તેને રોકવા બુમરાહ, અર્શદીપ અને પંડ્યાની 'પેસ ત્રિપુટી'એ પોતાની સંપૂર્ણ તાકાત લગાવવી પડશે. સામે પક્ષે વેસ્ટ ઈન્ડિઝ પાસે રોમારિયો શેફર્ડ અને શિમરોન હેટમાયર જેવા ખતરનાક ખેલાડીઓ છે જે ગમે ત્યારે બાજી પલટી શકે છે.

ઓપનિંગની મજબૂત શરૂઆત અને શિસ્તબદ્ધ બોલિંગ: ભારત માટે જીતનો મંત્ર

અભિષેક શર્મા અને તિલક વર્માની ફોર્મમાં વાપસી અને હાર્દિક પંડ્યા જે રીતે 'એનફોર્સર'ની ભૂમિકા સંપૂર્ણતાથી ભજવી રહ્યો છે, તેનાથી ટીમ ઉત્સાહિત હશે

જો ભારતીય પ્રશંસકો એવું વિચારતા હોય કે દક્ષિણ આફ્રિકાએ બે દિવસ પહેલા વેસ્ટઈન્ડિઝને હરાવીને તેમના પર મોટો ઉપકાર કર્યો છે, તો તેમણે યાદ રાખવું જોઈએ કે લગભગ 10 વર્ષ પહેલા, 2016ના ICC T20 વર્લ્ડકપમાં આ વેસ્ટઈન્ડિઝ જ હતું જેણે ભારતનું સપનું તોડી નાખ્યું હતું. વેસ્ટઈન્ડિઝના ખેલાડીઓએ તેમની કુદરતી પ્રતિભા અને પ્રચંડ શક્તિના સંગમ સાથે T20 ફોર્મેટને એવી રીતે અપનાવી લીધું છે જેમ બતક પાણીને અપનાવે છે. ઇંગ્લેન્ડ અને ભારત બે વાર ટ્રોફી જીતનાર ટીમ તરીકે જોડાયા તે પહેલાં, તેઓ (વેસ્ટઈન્ડિઝ) ICC T20 વર્લ્ડ કપ બે વાર જીતનારી પ્રથમ ટીમ હતા.

હકીકત એ છે કે તેમના કેટલાક ચેમ્પિયન T20 ખેલાડીઓ આ ટુર્નામેન્ટ માટે ઉપલબ્ધ નથી, તેમ છતાં તેમની પાસે પ્રતિભાનું એટલું ઊંડાણ છે કે તેઓ છેક સુધી પહોંચી શકે છે અને ત્રણ વખત ટ્રોફી જીતનારી પ્રથમ ટીમ બની શકે છે. તેમના મોટાભાગના ખેલાડીઓ IPLમાં રમે છે અને તેથી તેઓ ભારતની પરિસ્થિતિઓ અને સૌથી મહત્વની બાબત એટલે કે પ્રેક્ષકોના દબાણથી પરિચિત છે, જેનો અનુભવ તેમણે તેમની ફ્રેન્ચાઈઝી માટે 'અવે ગેમ' (બીજાના મેદાન પર) રમતી વખતે કર્યો જ હશે.

IPLની તમામ 18 સીઝનમાં પ્રભાવ પાડનારા ખેલાડીઓ પર નજર નાખો તો તમને જણાશે કે વિદેશી ખેલાડીઓમાં મોટે ભાગે કેરેબિયન ટાપુઓના ખેલાડીઓ જ હશે જેમણે બેટ અથવા બોલ, અથવા બંને વડે રમતને પલટી નાંખી હોય અને પોતાની ફ્રેન્ચાઈઝીને મેચ જીતાડી હોય. આ વેસ્ટઈન્ડિઝ ટીમની

બેટિંગમાં ઘણું ઊંડાણ છે, જે આપણે તે દિવસે દક્ષિણ આફ્રિકા સામે જોયું હતું, જ્યારે ભૂતપૂર્વ કેપ્ટન જેસન હોલ્ડર અને રોમારિયો શેફર્ડે 8મી વિકેટ માટે રેકોર્ડ ભાગીદારી કરી હતી અને વેસ્ટઈન્ડિઝના બોલરોને લડવા માટે એક સ્કોર આપ્યો હતો. જોકે દક્ષિણ આફ્રિકાએ તેમની બોલિંગ સાથે જે રીતે રમત કરી તે જોતા વેસ્ટઈન્ડિઝે આ વિભાગમાં અને ફિલ્ડિંગમાં, જે ક્યારેક અનિશ્ચિત રહી શકે છે, ત્યાં કડકાઈ લાવવી પડશે જો તેઓ ટ્રોફી સુધી પહોંચવાની આશા રાખતા હોય.

ઝિમ્બાબ્વે સામે ભારતની બેટિંગ આખરે ફોર્મમાં આવી, જેનો શ્રેય સંજુ સેમસન અને અભિષેક શર્માની જૂની જોડીની ઝડપી શરૂઆતને જાય છે. અગાઉની દરેક મેચમાં, ઓપનરોમાંથી એક શૂન્ય પર આઉટ થયો હતો, જેના કારણે પછી આવનારા બેટ્સમેનો પર તરત જ દબાણ આવી જતું અને ભારતની ગતિ ધીમી પડી જતી હતી. એકવાર સેમસન અને અભિષેકે એ પ્લેટફોર્મ પૂરું પાડ્યું, પછી આવનારા બેટ્સમેનો માટે સીધા જ આક્રમક રમવાનું ઘણું સરળ બની ગયું. જ્યારે કોઈ ટીમ પાસે દરેક વિકેટ માટે ઝડપી ભાગીદારી હોય છે, ત્યારે સ્કોર તેજ ગતિએ આગળ વધે છે અને તેથી ભારત વધુ મુશ્કેલી વિના 250ને પાર કરી શક્યું હતું. અભિષેક શર્મા અને તિલક વર્માની ફોર્મમાં વાપસી અને હાર્દિક પંડ્યા જે રીતે 'એનફોર્સર' (રમત પર પકડ જમાવનાર)ની ભૂમિકા સંપૂર્ણતાથી ભજવી રહ્યો છે, તેનાથી ટીમ ઉત્સાહિત હશે.

તેમ છતાં, જો તેમણે વેસ્ટઈન્ડિઝના બેટ્સમેનોને રનનો ગ્રાફ વધારતા રોકવા હોય, તો તેમની બોલિંગમાં સુધારો કરવાની જરૂર છે. વરુણ ચક્રવર્તી તેના 'બીજા હોમ ગ્રાઉન્ડ' પર પરત ફરી રહ્યો હોવાથી તેનો આત્મવિશ્વાસ પણ વધવો જોઈએ અને જો તેમ થાય તથા બુમરાહ અને અર્શદીપ જે રીતે બોલિંગ કરી રહ્યા છે તેમ ચાલુ રાખે, તો વેસ્ટઈન્ડિઝના બેટ્સમેનો પર બ્રેક મારવાની સારી તક છે. બંને ટીમો માટે હવે પછીની દરેક મેચ 'જીતવી જ પડે' તેવી હશે અને જે ટીમમાં જીતવાની વધુ ભૂખ હશે તે આ રોમાંચક મેચમાં વિજયી બનશે.

જમ્મુ કાશ્મીરે પ્રથમવાર જીત્યો રણજી ટ્રોફીનો ખિતાબ

છેલ્લા દિવસે બંને કેપ્ટનો મેચ ડ્રો કરવા સંમત થયા પણ કર્ણાટક પર પ્રથમ ઈનિંગની સરસાઈના આધારે જમ્મુ કાશ્મીર ચેમ્પિયન બન્યું

કામરાન ઈકબાલે 160 અને સાહિલ લોત્રાએ અણનમ 101 રન ફટકાર્યા

હુબલી, તા. 28 (પીટીઆઈ): જમ્મુ-કાશ્મીરની ટીમે પોતાના અદમ્ય જોશ અને જુસ્સાનું શાનદાર પ્રદર્શન કરતા શનિવારે હુબલી ખાતે ઈતિહાસ રચી દીધો છે. ૮ વારની ચેમ્પિયન કર્ણાટક સામેની ફાઈનલ મેચ ડ્રોમાં પરિણમી હતી, પરંતુ પ્રથમ ઈનિંગની જંગી લીડના આધારે જમ્મુ-કાશ્મીરે પ્રથમવાર રણજી ટ્રોફીનો ખિતાબ જીતીને 67 વર્ષની લાંબી રાહનો અંત આણ્યો છે. 67 વર્ષ પહેલાં રણજીમાં પ્રથમવાર ભાગ લેનાર જમ્મુ-કાશ્મીરને એક સમયે નબળી ટીમ માનવામાં આવતી હતી. પરંતુ આ સિઝનમાં તેમણે મુંબઈ સામેની હારથી શરૂઆત કર્યા બાદ સતત સુધારો કર્યો અને સેમીફાઈનલમાં બંગાળને હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો. ફાઈનલમાં પ્રથમ બેટિંગ કરતા જમ્મુ-કાશ્મીરે શુભમ પુંડીરના શાનદાર શતકની મદદથી 584 રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો. જવાબમાં કર્ણાટક માત્ર 293 રન જ બનાવી શક્યું, જેનાથી જમ્મુ-કાશ્મીરને 291 રનની સરસાઈ મળી હતી.

બીજી ઈનિંગમાં પણ જમ્મુ-કાશ્મીરનો દબદબો રહ્યો હતો. પાંચમા દિવસે કામરાન ઈકબાલે 160 અને સાહિલ લોત્રાએ અણનમ 101 રન ફટકાર્યા હતા. જ્યારે સ્કોર 4 વિકેટે 342 રન થયો અને કુલ સરસાઈ 633 રનની થઈ ત્યારે બંને કેપ્ટનો મેચ ડ્રો કરવા સંમત થયા હતા.

ટીમની આ સિદ્ધી એટલે પણ મહત્વપૂર્ણ છે કારણ કે તેણે તે ટીમને હરાવી હતી જેની પાસે કે એલ રાહુલ જેવા કેટલાંક સ્ટાર ભારતીય ખેલાડીઓ છે. આ ઐતિહાસિક વિજય પાછળ ટીમ વર્ક મુખ્ય રહ્યું હતું. કેપ્ટન પારસ ડોગરા રણજી ટ્રોફીમાં 10000 રન પૂરા કરનાર બીજો બેટ્સમેન બન્યો, જ્યારે બોલિંગમાં આકિબ નબીએ આખી સિઝનમાં તરખાટ મચાવ્યો હતો તેણે ફાઈનલ મેચ સહિત સાત વખત ઈનિંગમાં 5 કે તેનાથી વધુ વિકેટ લીધી હતી. અબ્દુલ સમદ અને યાવર હસન જેવા ખેલાડીઓના યોગદાનથી જમ્મુ-કાશ્મીર હવે ભારતીય ડોમેસ્ટિક ક્રિકેટમાં એક શક્તિશાળી ટીમ તરીકે ઉભરી આવ્યું છે.

જમ્મુ કાશ્મીર ટીમ માટે રૂ.2 કરોડના ઈનામની જાહેરાત

શ્રીનગર, તા. 28 (પીટીઆઈ): જમ્મુ-કાશ્મીરની ટીમે પ્રથમવાર રણજી ટ્રોફી જીતીને ઈતિહાસ રચવા બદલ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ટીમને અભિનંદન પાઠવ્યા છે. તેમણે ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ માટે રૂ. 2 કરોડના રોકડ પુરસ્કારની જાહેરાત કરી છે. આ ઉપરાંત, ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓને સરકારી નોકરી પણ આપવામાં આવશે. મુખ્યમંત્રીએ આ જીતને પ્રદેશ માટે ગૌરવ અને પ્રેરણાની ક્ષણ ગણાવી હતી.

ઐતિહાસિક જીતના સાક્ષી બન્યા મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા

જમ્મુ-કાશ્મીરની ટીમ રણજી ટ્રોફીમાં ઈતિહાસ રચી રહી હતી ત્યારે મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા જાતે હુબલીના સ્ટેડિયમમાં હાજર રહી ટીમને પ્રોત્સાહિત કરી હતી. ફાઈનલના પાંચમા દિવસે તેમની સાથે રાજ્યના અમુક નેતાઓ અને જે એન્ડ કે ક્રિકેટ એસોસિએશનના અધિકારીઓ પણ જોડાયા હતા. અબ્દુલ્લાએ ખેલાડીઓના ઉત્સાહનો વીડિયો શેર કરી આ ક્ષણને પ્રદેશ માટે ઐતિહાસિક ગણાવી હતી.

આજે દ. આફ્રિકા સામે પોતાના અભિયાનનો હકારાત્મક અંત કરવા માગશે ઝિમ્બાબ્વે

દ. આફ્રિકા સેમિફાઈનલમાં પહોંચી ચુક્યું છે છતાં ઝિમ્બાબ્વે તેના વિજય રથને અટકાવવા માગશે

મેચ બપોરે 3.00 વાગ્યે શરૂ થશે

નવી દિલ્હી, તા. 28 (પીટીઆઈ): સેમીફાઈનલની રેસમાંથી બહાર થઈ ગયેલી ઝિમ્બાબ્વેની ટીમ રવિવારે દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે. સુપર-8ના પોતાના અંતિમ મુકાબલામાં ઝિમ્બાબ્વે વર્લ્ડકપ અભિયાનનો શાનદાર અંત કરવા ઈચ્છશે, પરંતુ તે માટે તેણે પોતાની નબળી બોલિંગમાં સુધારો કરવો પડશે. લીગ સ્ટેજમાં શાનદાર પ્રદર્શન કરનાર સિકંદર રઝાની આ ટીમે સુપર-8ની તબક્કામાં વેસ્ટઈન્ડિઝ અને ભારત સામેની છેલ્લી બે મેચોમાં 250થી વધુ રન લૂંટાવ્યા હતા.

કેપ્ટન રઝાએ સ્વીકાર્યું છે કે મોટી ટીમો સામે ટકી રહેવા માટે રમતના ત્રણેય વિભાગમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન જરૂરી છે. ઝિમ્બાબ્વેના બોલરોએ ઓસ્ટ્રેલિયા અને શ્રીલંકા સામે જે શિસ્ત બતાવી હતી, તેવી જ લય ભારતની બેટિંગ ફ્રેન્ડલી પિચો પર બતાવવી પડશે. બેટિંગમાં બ્રાયન બેનેટ અને મારુમાનીની જોડીએ પાવરપ્લેનો ફાયદો ઉઠાવવો પડશે, ખાસ કરીને માર્કો યાનસન અને લુંગી એનગિડી જેવા ફોર્મમાં રહેલા બોલરો સામે.

બીજી તરફ, દક્ષિણ આફ્રિકા અજેય રહીને સેમીફાઈનલમાં પહોંચી ચૂક્યું છે. ક્વિન્ટન ડીકોક, એડન માર્કરામ અને ડેવિડ મિલર જેવા બેટ્સમેનો પ્રચંડ ફોર્મમાં છે. જોકે આ મેચ એક ઔપચારિકતા માત્ર છે, છતાં ઝિમ્બાબ્વે આફ્રિકાના વિજય રથને રોકીને ઉલટફેર કરવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે.

ઈરાન પર હુમલાની અસર: વર્લ્ડકપના ખેલાડીઓ માટે ICC વૈકલ્પિક રૂટ શોધશે

એર ઈન્ડિયા સહિતની ઘણી એરલાઈન્સે ખાડી દેશોની ફ્લાઈટ્સ રદ કરી હોવાથી મુશ્કેલી સર્જાઈ

દુબઈ, તા. 28 (પીટીઆઈ): ઈરાન પર થયેલા અમેરિકી હુમલાના કારણે સર્જાયેલા હવાઈ અવરોધોને પગલે, ICCએ ટી-20 વર્લ્ડ કપ-2026માં સામેલ ખેલાડીઓ અને અધિકારીઓની સુરક્ષિત ઘરવાપસી માટે વૈકલ્પિક મુસાફરી યોજનાઓ પર કામ શરૂ કર્યું છે. ભારત અને શ્રીલંકા દ્વારા આયોજિત આ ટુર્નામેન્ટ 8 માર્ચે સમાપ્ત થઈ રહી છે, જેમાં ભારત સહિત 6 ટીમો હજુ મેદાનમાં છે.

દુબઈ જેવા ખાડી દેશોના એરપોર્ટ મુખ્ય ટ્રાન્ઝિટ પોઈન્ટ હોવાથી અને એર ઈન્ડિયા સહિતની ઘણી એરલાઈન્સે આ વિસ્તારની ફ્લાઈટ્સ રદ કરી હોવાથી મુશ્કેલી સર્જાઈ છે. ICC ના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ખેલાડીઓ, મેચ અધિકારીઓ અને બ્રોડકાસ્ટ ટીમના સુરક્ષિત પ્રવાસ માટે લોજિસ્ટિક્સ અને સિક્યુરિટી ટીમો ચોવીસ કલાક કાર્યરત છે. હવે ખેલાડીઓને તેમના દેશોમાં પરત મોકલવા માટે યુરોપ, દક્ષિણ એશિયા અને દક્ષિણ-પૂર્વ એશિયાના રૂટનો ઉપયોગ કરવામાં આવશે.

આ માટે એક વિશેષ 'ટ્રાવેલ સપોર્ટ ડેસ્ક' પણ શરૂ કરવામાં આવ્યું છે. આઈસીસીએ ચાહકોને પણ આંતરરાષ્ટ્રીય પ્રવાસ કરતા પહેલા એડવાઈઝરી તપાસવાની સલાહ આપી છે.

શ્રીલંકા સામે પાકિસ્તાને 213 રનનો લક્ષ્યાંક મુક્યો

સાહિબઝાદા ફરહાનની સદી અને ફખર ઝમાનની તોફાની બેટિંગ

ફરહાન અને ઝમાન વચ્ચે 176 રનની ભાગીદારી ટી20 વર્લ્ડ કપના ઈતિહાસમાં કોઈપણ વિકેટ માટે સૌથી મોટી ભાગીદારી

પલ્લેકલ, તા. 28 (પીટીઆઈ): શનિવારે રમાયેલી સુપર-8 મેચમાં પાકિસ્તાને શ્રીલંકા સામે 212/8નો મજબૂત સ્કોર ખડક્યો હતો. સાહિબઝાદા ફરહાન (100) અને ફખર ઝમાન (84) વચ્ચે 176 રનની ઐતિહાસિક ભાગીદારી થઈ હતી, જે ટી20 વર્લ્ડ કપના ઈતિહાસમાં કોઈપણ વિકેટ માટે સૌથી મોટી ભાગીદારી છે. સેમીફાઈનલમાં પહોંચવા માટે પાકિસ્તાને આ મેચ ઓછામાં ઓછા 64 રનથી જીતવી પડશે અને શ્રીલંકાને 147 રનથી નીચે રોકવું પડશે. ફખર ઝમાને 42 બોલમાં 84 રન ફટકાર્યા હતા, જેમાં 9 ચોગ્ગા અને 4 છગ્ગાનો સમાવેશ થાય છે. શ્રીલંકન ફિલ્ડરોએ ઝમાનને બે જીવનદાન આપ્યા હતા, જેનો તેણે પૂરો ફાયદો ઉઠાવ્યો હતો. બીજી તરફ, સાહિબઝાદા ફરહાને 60 બોલમાં 100 રન બનાવીને શાનદાર સદી ફટકારી હતી. આ સાથે જ તેણે વિરાટ કોહલીનો એક વર્લ્ડ કપમાં સૌથી વધુ 319 રનનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે.

પ્રિમીયર લીગ: છેલ્લા સ્થાને રહેલી વોલ્વ્સે એસ્ટન વિલાને હરાવી

આ હારથી પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને ચાલી રહેલી એસ્ટન વિલાની 'ચેમ્પિયન્સ લીગ'માં ક્વોલિફાય થવાની આશાને મોટો ફટકો પડ્યો

વોલ્વરહેમ્પટન, તા. 28 (એપી): ઈંગ્લિશ પ્રીમિયર લીગમાં એક મોટો ઉલટફેર જોવા મળ્યો હતો. પોઈન્ટ ટેબલમાં સૌથી નીચેના સ્થાને રહેલી વોલ્વરહેમ્પટન (વોલ્વ્સ) ટીમે શાનદાર ફોર્મમાં ચાલી રહેલી એસ્ટન વિલાને 2-0થી હરાવીને તમામને ચોંકાવી દીધા હતા. જોઆઓ ગોમ્સે આ સિઝનનો પોતાનો પ્રથમ ગોલ કરીને ટીમને સરસાઈ અપાવી હતી, જ્યારે રોડ્રિગો ગોમ્સે સ્ટોપેજ ટાઈમમાં બીજો ગોલ ફટકારી જીત પાકી કરી હતી.

29 મેચોમાં માત્ર 13 પોઈન્ટ ધરાવતી વોલ્વ્સ માટે આ સિઝનની માત્ર બીજી જીત છે. જોકે, આ ટીમનું નીચલી શ્રેણીમાં ખસવું (રેલિગેશન) લગભગ નક્કી માનવામાં આવે છે, છતાં આ વિજયથી ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. બીજી તરફ, એસ્ટન વિલા માટે આ હાર આઘાતજનક છે, કારણ કે તેનાથી તેની 'ચેમ્પિયન્સ લીગ'માં ક્વોલિફાય થવાની આશાને મોટો ફટકો પડ્યો છે. એસ્ટન વિલાના કોચ ઉનાઈ એમરી માટે પણ આ નિરાશાજનક રહ્યું, કારણ કે તેઓ કોચ તરીકે 100મો વિજય મેળવવાની નજીક હતા.

હાલમાં એસ્ટન વિલા 28 મેચમાં 51 પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે, પરંતુ માન્ચેસ્ટર યુનાઈટેડ, ચેલ્સી અને લિવરપૂલ જેવી ટીમો ટોપ-4માં સ્થાન મેળવવા માટે તેને આકરી ટક્કર આપી રહી છે.

અનુસંધાન... પાના પહેલાનું

ટ્રમ્પે સંસદની...

રિપ્રેઝન્ટેટિવ્સમાં ટોચના ડેમોક્રેટ નેતા હકીમ જેફ્રીસે જણાવ્યું હતું કે, ઈરાન એક બેડ એક્ટર હોવા છતાં, પ્રમુખે લશ્કરી દળના એવા કોઈપણ પૂર્વ-નિર્ધારિત ઉપયોગ માટે મંજૂરી મેળવવી જોઈએ જે યુદ્ધ સમાન હોય.

તેહરાનમાં આયાતુલ્લા...

છે. અનેક ઈમારતો આ હુમલામાં ધ્વસ્ત થઈ હોવાનું જણાય છે. **ખામેનેઈ ક્યાં છે?** અહેવાલો અનુસાર, હુમલા પહેલા જ ખામેનેઈને ઈરાન બહાર કોઈ અજ્ઞાત સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. માત્ર તેહરાન જ નહીં, પણ ઈરાનના અન્ય મહત્વના શહેરો જેવા કે ઈસ્ફાહાન અને કોમમાં પણ ભારે વિસ્ફોટો નોંધાયા છે.

અમેરિકા, ઇઝરાયેલનો...

જ્યારે આ હુમલો થયો ત્યારે ૮૬ વર્ષીય નેતા તેમની ઓફિસમાં હતા કે નહીં તે તરત જ સ્પષ્ટ થઈ શક્યું નહોતું. પવિત્ર રમઝાન મહિના દરમિયાન થયેલા આ હુમલાઓએ ઈરાનમાં અમેરિકી દખલગીરીનો એક નવો અધ્યાય શરૂ કર્યો છે અને આ આઠ મહિનામાં બીજી વખત છે જ્યારે ટ્રમ્પ વહીવટીતંત્રે ઈસ્લામિક રિપબ્લિક વિરુદ્ધ લશ્કરી બળનો ઉપયોગ કર્યો છે. આ હુમલાઓ એવા સમયે થયા છે જ્યારે થોડા અઠવાડિયા પહેલા જ એક અમેરિકી સૈન્ય ઓપરેશનમાં વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડ કરવામાં આવી હતી અને તેમને અને તેમની પત્નીને ફેડરલ ડ્રગ કાવતરાના આરોપોનો સામનો કરવા માટે ન્યૂયોર્ક લાવવામાં આવ્યા હતા. ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલે એકબીજા સાથે સંકલન કરીને હુમલા કર્યા છે.

આજનું પંચાંગ

તા. 01/03/2026, રવિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** ફાગણ
તિથિઃ સુદઃ તેરસઃ 19:11 પ્રદોષ
અયન : ઉત્તરાયન **ઋતુ :** વસંત
રાષ્ટ્રિય દિનાંક : ફાગણ: 10
નક્ષત્ર : પુષ્ય:08:35 પછી જન્મેલાની આશ્લેષાની શાંતિ કરાવવી
યોગ : શોભન **કરણઃ** કૌવલ
રાશિઃ કર્ક (ડ,હ)
દિવસ : સામાન્ય- શુક્ર મીનમાં 24:58- બુધનો પશ્ચિમમાં ઉદય
સુરતમાં સૂર્યોદય : 07:01 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:41
નવકારસી : 07:49
પારસી વર્ષ : 1395 મહેર માસનો 19મોરોજ
મુસલમાન વર્ષ : 1447, રમજાન માસનો 11મો રોજ
દિવસનાં ચોઘડિયાં: ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
રાત્રિનાં ચોઘડિયાં: શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
રાહુ કાળઃ સાંજે: 16:30 થી 18:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): ધંધા વેપારમાં આવક વધશે. નવી ટેકનોલોજી પ્રમાણે કામ કરવાની તક મળશે. આત્મવિશ્વાસ વધશે.

વૃષભ (બ,વ,ઉ,): તમારી મહેનતનાં સારાં પરિણામ મળે. મિત્રો ભાઈ-બહેન સાથે મદદરૂપ સમય પસાર કરવાની તક મળે.

મિથુન (ક,છ,ઘ,): વિદ્યાર્થીઓને સુવિધાનો લાભ મળે. ખાવા-પીવા પર ધ્યાન રાખવું. ઘરનાં કામની ચિંતા રહે.

કર્ક (ડ,હ,): કામની દોડ-ધામ આરામ તરફ લઈ જશે. તમારા નવા વિચારો અને વ્યવહાર પ્રભાવ વધારશે.

સિંહ (મ,ટ,): વડીલોની સલાહથી નવી દિશા મળે. વિદ્યાભ્યાસમાં મદદ મળે. અચાનક પ્રવાસ અને ખર્ચા આવે.

કન્યા (પ,ઠ,ણ,): કાર્ય સ્થળ પર પ્રભાવ વધશે. પિતાનો સાથ વેપાર-સમાજમાં ઉપયોગી રહે. આવક વધશે.

તુલા (ર,ત,): સમાજમાં યશ મળે. નોકરીમાં જવાબદારી વધે. નોકરી-ધંધામાં નવા ફેરફારથી રાહત થાય.

વૃશ્ચિક (ન,ય,): તમારા નવા વિચારોથી નવી તકો ઊભી થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. આવક વધે.

ધન (ભ,ધ,ફ,ઢ,): આરોગ્યમાં આંખ, પેટ અને પાચનતંત્રની ફરિયાદ રહે. નવા રોકાણમાં ધ્યાન રાખવું. અશાંતિ વધે.

મકર (ખ,જ,): રોજની આવક વધે. ઉઘરાણી આવે. નવા ધંધા-વેપારની યોજના બને. કોર્ટ-કચેરીમાં પ્રગતિ.

કુંભ (ગ,સ,શ,ષ,): તમારા હરીફોની પીછેહઠ થાય. નોકરીમાં પ્રમોશન થાય. સરકારી નોકરિયાતે સાવધાન રહેવું.

મીન (દ,ચ,ઝ,થ,): તમારા સર્જનાત્મક વિચારોથી પ્રભાવ વધશે. વિદ્યાર્થીઓને તક મળે. આવક વધશે.

કોઈ પણ સાલમાં 01 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય પસાર થશે. નોકરી-ધંધા-વેપાર-વ્યવસાયમાં હરીફો પરેશાન કરશે. સમાજમાં હિત શત્રુઓ સતાવે. પરિવારની અપેક્ષા અને નાના સભ્યોની જરૂરિયાત વગેરે દોડધામ અને કાર્ય બોજ વધારે. આર્થિક બાબતે સામાન્ય રહે. ટેકનોલોજીનો લાભ મળશે. નવા વેપાર નોકરીની યોજનામાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. ઉમરલાયકના વિવાહ થાય. સંતાનોનાં અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશનો કામ ધીમાં પડશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ વગેરેના ખર્ચા વધશે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. મિત્રો-વડીલોની મદદ સામાજિક, કાયદાકીય, વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં મળે. જુલાઈ-ઓગસ્ટ, સોમ-રવિવાર, 1,10,28 તારીખ નવા કામ માટે અનુકૂળ રહેશે. સોનેરી ભૂરા, કછઈ કલરનો ઉપયોગ કરતા રહેવું નવેમ્બર ડિસેમ્બર શનિ, શુક્રવાર 7,16,25 તારીખ નવાં કામમાં ટાળવી. કાળા રંગનો ઉપયોગ ટાળવો.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

પેશાબની તકલીફ

પેશાબની બળતરા, થોડી થોડી વારે જવું પડે, પથારી ભીની થવી વગેરે માટે આ કરો. કાળા તલ 100g, ગોખરુ 50g, ઘોળી મુસળી 25g, સાકર 175g, દળી ને ભેળવી લો. તેમાંથી નાના ને 5g અને મોટાને 10g ચૂર્ણ સવાર સાંજ ચાવીને ખાવાથી લાભ થશે.